ચંદ્રપ્રદર્શન નાટક.

રચનાર

માહાત્મા માણેકચંદજી મોતીચંદજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

केवळदास जेठालाल,

રાધનપુર ઇં૦ સ્કુ૦ સ્કો૦

मोहनलाल उजमचंद गांधी,

મુબા૦ મુરતજાખાનજી સાહેબના દફતરખાને કારકુન;

રાધનપુર.

અમદાવાદ

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રીન્ટીંગ અને જનરલ
એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૪૩. સને ૧૮૮૭. હીજરી ૧૩૦૪.

કીંમત ૦-૧૧-૦

DYUTDUKHDARSHAK NATAK

BY

MAHATMA MANEKCHANDJI MOTICHANDJI

PUBLISHED BY

KEWALDAS JETHALAL,

Student of the Anglo Vernacular

Radhanpur.

MOHONLAL UJAM Gandhi,

Karkoon to the Daftarkhana Kutcherry to Suba

Murtuzakhanji Saheb Bahadoor.

AHEMDABAD:

Printed at the United Printing Press by R. G.

A. D. 1887. Samvat 1943.

Hijri 1304.

Price Rs. 0-11-0.

ચેટકપંચઅદર્શકનાટક.

રચનાર

માહાત્મા માણેકચંદજી મોતીચંદજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

[redacted] જેઠાલાલ,

રાધનપુર ઈ૦ સ્કુ૦ સ્કો૦

મોહનલાલ વજમચંદ ગાંધી,

સુબા૦ મુરતજાખાનજી સાહેબના દફતરખાને કારકુન;

રાધનપુર.

અમદાવાદ

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રીન્ટીંગ અને જનરલ

એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૪૩. સને ૧૮૮૭. હીજરી ૧૩૦૪.

કીંમત ૦-૧૧-૦

પ્રસ્તાવના.

(દ્યુત દુઃખદર્શક એટલે) આર્યલોકો ઘણુંકરી પોતાની કીર્તી ગુમાવવાનો વિચાર કર્યા સિવાય જુગાર ખેલવાથી જે દુઃખને પ્રાપ્ત થાયછે તે વિશય એક રાજા ચંદનો પુત્ર ભદ્રિકના દુઃખનો દેખાવ—

હે રૂડા હિંદૂસ્થાની મિત્રો એક જુગારથી માંસનું સેવન કરનાર, મધુપાની, ગુણકાસંગી, હિંસિક, તસ્કર અને પરદારા મિત્ર, એ સપ્ત વ્યસનને સેવવા તત્પર થાયછે અને તેથી ઘણુંજ દુઃખ પામેછે તે માટે પુર્વેથીજ એક જુગારને ત્યાગ કરવાથી ઘણુંકરી તે સપ્ત વ્યસન અંદરથી એક પણ અસર નહી કરે એવું હું પુર્ણ ખાત્રીથી કહુંછું તે ધ્યાનમાં રાખશો.

આ વિશે મારી પુર્ણ રીતે એજ પ્રાર્થના છે કે દેશી મીત્રોએ જરાવાર મુખારવિંદને કષ્ટ આપીને પણ આ નાટક સમાપ્ત તરેહ વાંચવુંજ. કેમકે વિષેશ તરેહ વાંચવાથી સંમ્પૂર્ણ રીતે સૂચના થાશે.

અરેરે પણ એક મને અતી રીતે અપસોસ છે કે બહુજ અગ્ની લાગેલ હશે તે એક લોટા જળથી કેવી રીતે સમાવશ પામશે? તેમ આ બહુજ આર્યસ્થાનમાં જુગારના વધારામાંહિ આ મારૂં લઘુ પુસ્તક શી અસર કરશે? પેર પણ પોદળો પડયો,તે કિંચીત પણ માટી લહ્યા વિના કદાપી ઉખડવાનો નથી તેમ જેને શ્રોતે આ નાટક જાશે અને તેના અંદર જુગારનું બહુજ દુઃખ જાણી અલ્પ માત્રતો અસર કરશેજ.

આ નાટક રચવા આગળ મારી બહુજ ઇચ્છા હતી;

પરંતુ શું કરૂં સમાપ્ત રીતે મને બોલતાં પણ ન્હોતુંજ આ-વડતું, પણ પરમેશ્વરે જનોસર્વનો હિતેચ્છક જાણી અ-લ્પમાત્ર ઉચ્ચાર કરતાં તો શીખવાડયોજ; પરંતુ શું પિંગળનો નીયમ કિંવા અલંકાર કિંવા રસ તેતો નિરંતર હું જાણતોજ ન-થી, તો પણ જુગારના ખેલથી ઘણાક માણસોનું દુઃખ દેખી મને બહુજ કંટાળો આવવાથી કોઇ ઘેલુ માણસ બોલે તેવી તરેહ બોલ્યોછું, તે અંદર કોઇ પ્રકારનો દોશ હોય તો કવીજ-નોએ ક્ષમા કરવી. કેમકે જે પંડિત્ય પુરૂષ હશે તે આ નાટક અં-દરથી કોઇ દોશનો ત્યાગ કરી ગુણતુંજ ગ્રહણ કરશે. કહ્યુંછે કે--

दोहो.

ભલે ભલેહી કહતહે, પેન કહતહેં દોષ;
સૂરદાસ કહિ અંધકૂં, ઊપજાવત હે તોષ.

અર્થ—જે સરસ માણસ છે તે સારોજ બોલ બોલેછે પ-રંતુ ખરાબ બોલ કદાપી બોલતા નથી. અંધ માણસને સર-સજન સુરદાસ કહીને સંતોષ પમાડેછે, પણ કાંઈ,અલ્યા આં-ધળાઃ એમ કહેછે? નથી કેમ કહેતા? કે સારા માણસ છે. તેના વદન વિશે વરૂવી વાંણી હોય? અને કોઈ અજ્ઞ માણસ સમજ્યા વિના દોશ કાઢશે તો હું તેની કાંઇ શંકા રાખતો નથી.

કર્તા,

માણિકચંદ મોતીચંદજી.

प्रथमंक पात्र.

ભદ્રિક ... ...રાજા ચંદનો પુત્ર.

કુબોધ ... ...સુબુદ્ધિનો પુત્ર, ભદ્રિકનો મિત્ર.

મુર્ખમણી ... ...એક જુગારીનો મુખી.

અકલંધ ... ...એક જુગારી.

પદમંગી ... ...એક જુગારિણી ગુણિકા.

ચંદ... ... ...વિમળપુરનો રાજા.

સુબુદ્ધી ... ...તેનો પ્રધાન—ચંદનો કામદાર.

જોરૂમીઆં ... ...ચંદનો ચાકર.

જયશંકર ... ...અરીમર્દનનો ગોર.

અરીમર્દન ... ...શ્રીપુરનો રાજા.

શ્રીનેત્રા ... ...અરીમર્દનની પુત્રી—ભદ્રિકની સ્ત્રી.

સરસ્વતી .. ..શ્રીનેત્રાની દાસી.

દ્યૂત દુઃખદર્શક નાટક.

मंगळाचर्ण.

सर्वतोभद्र.

म	हा	दे	वी	वी	दे	हा	म
हा	वी	न	तुं	तुं	न	वी	हा
दे	न	रे	धी	धी	रे	न	दे
वि	तुं	धी	न	न	धी	तुं	वी

અર્થ (હે ?) મોહોટી દેવી (સરસ્વતી) વિશેષ રીતે (આ ગ્રંથ રચવાની મને) હામ આપ (કેમકે) તાહરી હા વિના (એટલે રજા વિના ઘણુંજ કરી સાચી રીતે બુદ્ધી છેજ નહિ). (માટે) ધીરજ નહિ કરતાં અરે (જુગત જનુની) વાણીનું દેવું દહોજ (કેમકે) તું બુદ્ધિ વિનાની નથી. (અર્થાત બહુ બુદ્ધિવાળી છે) અને તારા વિના બુધિ છેજ નહિ. ઈત્યર્થ.

દોહરો.

જય જય આદી નાથ જય, કર્તા સૃષ્ટિ [1] પ્રસાર;
જય જય તથાપિક સર્વમાં, જય જય જન રચનાર. ૧

ત્રિભંગિ છંદ.

જય જન રચનારો સુખ દેનારો ભય હરેનારો દુખ વારો,
જય મન વસનારો તૂં પિતુ મ્હારો કર ઉપકારો અર્જ ધારો;
મુજ મન કુ વિચારો હોય હજારો બાંધી ભારો કર ન્યારો,
જય જય [2] અરજારો મ્હંત થનારો હૃદય વિચારો મન ધારો. ૨
જય જય જયકારા ત્રિભુવન નારા સુખ્ય કરેનારા સેવકને,

૧ (પ્રસાર) ચાલતી. ૨ (અરજારી) અરજ કરવાનો રીવાજ.

જય સ્વામી સારા સદ્ગુણ તારા ગાવા મ્હારા ભાવ મને;
જેથી દુખકારા કષ્ટો સારા [1]ઉદધી ખારા જઈ ઓરો,
જય જય અરજારો મ્હંત થનારો હૃદય વિચારો મન ધારો. ૩
એ કૃતની કહાણી મનમાં આણી શેવક જાણી આપ તણો,
દેખાડો ખાણી કવવા વાણી મન ઠહરાણી દર્શ ઘણો;
કૂ મતને તાણી નાખો ઘાણી થાપો [2]પાણી સિર તારો.
જય જય અરજારો મ્હંત થનારો હૃદય વિચારો મન ધારો. ૪
જે કોઈ બજાવે તેવું ગાવે તેહ સ્વભાવે આપ થકી,
ભળતો જન આવે તુજ ગુણ ભાવે ભાવે ખાવે જેહ નકી;
તેનાં દુખ જાવે પુની ન આવે છત્ર ધરાવે કષ્ટારો,
જય જય અરજારો મ્હંત થનારો હૃદય વિચારો મન ધારો. ૫

સત ગુણનો વાસી હૃદય વિકાસી માની ખાસી પ્રીતીએ,
શુભ રીત નિકાસી પરદારાસી મનમાં વાસી રીતીએ;
[3]તસ્કરનિહવાસી અંત વિનાસી હે અવિનાશી કૃત પ્યારો,
જય જય અરજારો મ્હંત થનારો હૃદય વિચારો મન ધારો. ૬
નર રામા કોઈ જગમાં જોઈ સૂધી ખોઈ ખુબ બકે,
અવગુણ તુજ લેઈ ખોળી જોઈ ને ગુણ ધોઈ કરત ધકે;
ત્યમ તે સુખ ખોઈ લઈ દુખ ખોઈ પુન્ય વખોઈ યમ વારો,
જય જય અરજારો મ્હંત થનારો હૃદય વિચારો મન ધારો. ૭

જળહળતા ચંદો ને સુર ઈંદો કુમતે ગંદો જૈ ચાલે,
કરતો બહુ ફંદો પુનઃ કવિંદો કરતા છંદો મનવાલે;
[4]દંપતિને નંદો સરેસ સુગંદો તેના કંદોહમ તારો,
જય જય અરજારો મ્હંત થનારો હૃદય વિચારો મન ધારો. ૮

સ્થળ [5]નિરમળવારી સ્તન દુખવારી ઓશધિ સારી ફળ તારા,
માટે ગિરિધારી જન સુખકારી સૃષ્ટિ સારી કરનારા;
આ સ્તવન વિચારી કહુંછું જારી [6]શ્રોત શ્રિકારી કવધારો,
જય જય અરજારો મ્હંત થનારો હૃદય વિચારો મન ધારો. ૯

---

૧ (ઉદધી) સમુદ્ર. ૨ (પાંણી) હાથ. ૩ (તસ્કર) ચોર. ૪ (દંપતિ) સ્ત્રી અને પુરૂષ.
૫ (વારી) પાણી. ૬ (શ્રોત) કાંન.

દોહરો.

મન ધારો મમ જ્ઞાન મન, દ્વારે બાર સહનાર;
મુજ જડ તે નાટક દધી, પાર તાર કરિ કાર. ૧૦

સુત્રધાર—(નટી પ્રત) હે પ્રીય સ્ત્રી શોભીતા સુભ શ્રૃંગાર સજી
અહીં આવ્ય.

નટી—(આવીને) આ આવી, સ્વામિનાથ શી આજ્ઞા છે?

સુત્ર૦—તારા કિરણરૂપિ સ્વર વડે આ સર્વે બિરાજેલા સજ્જન પુરૂષોનું કમળ રૂપિ હૃદય પ્રફુલ્લીત થાય એહવું મધુર સ્વર વડે ગાયન કર.

નટી૦—શા વિષય પર ?

સુત્ર૦—સ્વદેશમાંહિ ઘણુંકરી માણસો કષ્ટનું કંદ અને ઈજ્જત હિન જુગાર તેને ખેલે છે અને [1]નવિન પણ તેને ખેલવા ઉમેદ ધરેછે, માટે તે જનો વિચાર કરયા શીવાય તે કુકાર્ય પરથી દીલ નહિ હડાવતાં તેઓને શીક્ષા રૂપ આજે આ સ્થળે દ્યુત દુઃખદર્શક નામનું નાટક ભજવી બતાવા ઉમંગ છે તે વિષય પર ગાયન કર.

નટી૦—વારૂ પ્રાણનાથ. (ગાયન કરેછે.)

હીરછંદ.

દુઃખ ખાણિ ધનહાણિ સુખ નાણતા સુણે,
શાણિ સૃષ્ટિ મધ્ય એષ્ટ કોનવિદ્યુતી ગણે;
પુન્યમાંથી પાપ ચુપી ચુપી વેગથી ભરો,
બાઈ મ્હારા ધાઈ આ કુનીત કાં તમે કરો. ૧૧
જય જુગારની નહિજ જ્ઞાનિ બોલતા ખરા,
જુગો જવાર નીતિધાર આ જગે ઘણા કરયા;
માન્ય બોલ માહરોજ ઓત આ સમે ધરો,
નહિતો કરોડ ક્ષારે બાટકી અને મરો. ૧૨
પુર્વે રાજ પાંડુપૂત્ર જનિ પાશમાં ખરી,
બાર વર્ષ રયાવને શ્રિ છાંડિ હસ્તિનાપુરી;

1 (નવિન) નવા.

શાસ્ત્ર બોલ જાણિ મન નાણિ શુદ્ધ તે ખરો,
[1]ધૂત [2]ચેતનીનો બેલ [3]ચેતમ મધ્યમાં કરચો. ૧૩
એક ચીત્ત ધ્યાન ધારિ દેખજો ખરે તમે,
આજ આ મુકામમાં દિખાવ દાખશું અમે।
શીખ આટલીજ સાખિ તે કુ કૃત્યને હરો,
અમર ધૂત દુઃખદર્થ કર્ણમાં નકી ધરો. ૧૪

(એવી રીતે સભામાં ગાયન થઇ રહ્યુંછે એવામાં વિચીત્ર વેષ ધારણ કરી વિદુશક સભામાં પ્રવેશ કરેછે અને એકદમ રોવા માંડી જાયછે.)

સુત્ર૦—(તેના કાન પકડીને) આ જવાન કેમ ઇહાં આવ્યોછે અને કેમ રૂવેછે ?

વિદુશક—જવાન હોઉ તોતો દશ પંદર અને વીસ એટલી બાયડીઓ કરૂં પણ હવેતો ઘરડો થયો માટે કોઈ આપતુ નથી તેથી તું થા.

સુત્ર૦—(નટી પ્રતે) આ કોણ હશે ?

નટી૦—કોણ જાણે તેનાં ચિન્હ તો કોક ગાંડા જેવાં માલમ પડેછે.

સુત્ર૦—(વિદુશકને) ઓ ભલા માણસ તું કેમ ઇહાં આવ્યોછે અને કેમ રૂવેછે ?

વિદુ૦—સ્નાન આવ્યું છે.

સુત્ર૦—કોનું ?

વિદુ૦—(નટી સામી આંગળી કરીને) આ જે માટે રોતી હતી એનું.

સુત્ર૦—અરે મુરખ એતો ગાયછે.

વિદુ૦—હેં ! ! ! ગાયછે !

સુત્ર૦—હા—

વિદુ૦—(નટી સામા હાથ જોડીને) હે ગાયમાતા તમને હું પ્રણામ કરૂંછું તે અંગીકાર કરશો એવી આશા રાખુછું.

સુત્ર૦—અરે ગંડુ એ ગાય નથી એતો સ્ત્રી છે.

વિદુ૦—મારા યાર ઘડીમાં કહેછે ગાય માતા છે અને ઘડીમાં કહેછે સ્ત્રી છે. તારા ઘરમાં મા અને વહુ બંને એક હશે. ઠીક પણ મને પગે કેમ લગાડ્યો ?

---

૧ (ધુત) જુગાર. ૨ (ચઈતન્ય) જીવ. ૩ (ચઈત્ય) વન.

સુત્ર૦—અરે ભાઈ મેં તને ક્યારે કહ્યું હતું કે પગે લાગ?

વિદુ૦—ત્યારે તેં કેમ કહ્યું કે ગાય છે. હિન્દુનો ધર્મછે કે ગાયને નમવું એમાં મારી શી ભૂલછે?

સુત્ર૦—અરે ગમાર આતો રાગરંગ થાય છે.

વિદુ૦—લે ત્યારે આ મારી પાઘડી ઉપર પાંચ રૂપીયા માટે રંગ ચડાવી આપ પણ એવો રંગ ચડાવજે કે કાગડો પણ શરમાઈ જાય (એમ કહી પાઘડી ફેંકેછે.)

સુત્ર૦—અરે બેવકૂફ એ ગદ્દાનો રંગ ન સમજ, એતો રાગ થાયછે.

વિદુ૦—કોનાથી થાયછે? (પાઘડી માથે મેલેછે.)

સુત્ર૦—શું?

વિદુ૦—રાગ એટલે પ્રીતી તે કોનાથી થાય છે?

સુત્ર૦—ગદ્દાને વળી વળી શુદ્ધ રીતે સમજાવુંછું તો ઉલટો અર્થ સમજે છે.

વિદુ૦—હું ગધો ને તું ગધી. (નટી સામી આંગળી કરીને) ઉપર એક આ વધી કેમ?,

સુત્ર૦—બેશ બેશ, લવરી છોડ, બકવા શા કરે છે.

વિદુ૦—*એસતો હું ક્યાં ખરાબ કહુંછું એમાં લવરી છોડ શું.

સુત્ર૦—(મનમાં) આ કોક નિસાખોર અને લુચ્ચો માલમ પડે છે. (ચાહન) અરે એ અકલ જેમ જેમ કહુછું તેમ તેમ વક્રોક્ત અલંકાર લિગાવી બોલે છે, તે તું કોણ છે?

વિદુ૦—તું મને નથી ઓળખતો?

સુત્ર૦—ના ના.

વિદુ૦—મારા સમ?

સુત્ર૦—તારા સમ.

વિદુ૦—તારા જેવો હુંછું જો તારે નાક છે, કાન છે, મ્હોડું છે, તો મારે પણ તેવીજ રીતે છે, એમાં શું પૂછવું હતું.

સુત્ર૦—નાના ભાઈ તેમ નહીં.

વિદુ૦—ત્યારે વળી શું?

---

* મજેનું

સુત્ર૦—તારી નાત શી છે?

વિદુ૦—મારે નાથ કેવી, નાથ બળદને.

સુત્ર૦—અરે નાથ નહી, ન્યાત શીછે?

વિદુ૦—જા જા સાળા, બોલી બોલીને ફ્રગી જાય છે. તારાથી કોણ માથું ફોડે? (બારણા તરફ જાયછે)

સુત્ર૦—અરે ભાઈ તું જાયલો તસ્દી લઈ જરા મને વાતતો કહે કે તું કેમ આવ્યો હતો?

વિદુ૦—હું બહાર ચાલ્યો જતો હતો તેવામાં ઈહાં બાયડી રોતી સાંભળી અને માણસો ભેગાં થયાં હતાં તે મેં જાણ્યું કે, ઇહાં કોઇક મરણું થયું છે માટે જાઇશ તો અફીણ મળશે પણ કાંઈ મળ્યું નહી અને આગળ પીધેલું તો ઉતરી ગયું માટે જાગીને શું કરૂં?

સુત્ર૦—બંધાણ કેટલું રાખે છે?

વિદુ૦—એક રૂપીયાભારનું. શું કાંઈ ઓછું હશે?

સુત્ર૦—કદાચ અફીણ મળે તો?

વિદુ૦—તો વળી કાલ સવાર સુધી જાવાનું નાંમ પણ કોણ દેછે.

સુત્ર૦—તું સાચું કહે તો દઉં?

વિદુ૦—લે પુછ ત્યારે પગ ત્રુટે છે.

સુત્ર૦—તું કોણ છે?

વિદુ૦—કહ્યું નહી વળી, લાવ યાર હવે ઉભું નથી રહેવાતું.

સુત્ર૦—તારૂં નામ અને જાત બને બતાવે તો આપું!

વિદુ૦—જાત માણસની, અને નામ ભુલી ગયો.

સુત્ર૦—અરે ભાઈ વળી પોતાનું નામ તે કોઈ ભુલતું હશે.

વિદુ૦—કહે ત્યારે તારી વહુનું નામ શું?

સુત્ર૦—(વહુનું નામ લેવાનો ચાલ નથી તેથી) હુંતો એમ કહુંછું કે પોતાનું નામન ભુલીએ,પરંતુ પારકું તો ભુલી જાઇએ; માટે હું ભુલી ગયોછું.

વિદુ૦—પારકું કેમ. સ્ત્રીને શાસ્ત્રમાં અર્ધાંગના કહેછે માટે એતો પુરૂષનું અર્ધું અંગ છે !

સુત્ર૦—હા ભાઇ હા, તે હું ભુલ્યો પણ તારૂં નામ બતાવ કે જેથી મને બોલાવતાં ફાવે !

વિદુ૦—તારૂં નામ કહે તો કહું.

સુત્ર૦—માહરૂં નામ તો સુત્રધાર અને કહે તો બીજું પણ કહું !

વિદુ૦—(જરા હસીને) વાહરે કારીગર તમારો આ ઝપાટા છે ?

સુત્ર૦—કેમ કારીગર ?

વિદુ૦—સંસ્કૃતમાં સુત્રધાર કહેછે અને પ્રાકૃતમાં સુથાર કહેછે માટે એતો કારીગર કહીયે તોપણ ચાલે. તે ઠીક પણ વળી બીજું નામ શું છે ?

સુત્ર૦—નાટકાચાર્ય.

વિદુ૦—નાકટ્યચાર્ય, ના તે પણ ઠીકછે. અર્થ કરીએ તો નાકટાના આચાર્ય. આટલા ઉપરથી મારે એટલુંજ કહેવાનું છે કે તારાં નામ પાડતા કાંઈ તારી ફુઇએ ગાંજો કે ભાંગ આદીક કાંઈ પીધું હતું કે તારાં આવાં અમુલ નામો ખોળી કાઢ્યાં છે.

સુત્ર૦—હવે તારૂં સારૂં હોય તો બતાવને !

વિદુ૦—શું કાંઈ અમારાં નામ આવાં હશે ?

સુત્ર૦—નાના ભાઈ સારાં-તે હવે ફરમાવો.

વિદુ૦—કહુંછું હો !

સુત્ર૦—કહો ભાઈ કહો !

વિદુ૦—જો સાંભળ મારાં માવિત્રોને કાંઈ પણ ફરજન નહોતું. તે દિવશે મારી માતાએ અંબાજી ઉપર આખડી રાખી હતી કે જો દીકરો થાશે તો સાકરે બારોભાર તોળ્યા સિવાય નામ નહી પાડું.

સુત્ર૦—પછી તને સાકરથી તોળ્યો ?

વિદુ૦—અંબાજી આવતાં નથી તો !

સુત્ર૦—અંબાજી ઇહાં આવે ?

વિદુ૦—ત્યારે શું હું ત્યાં જાઉં ?

સુત્ર૦—ત્યારે તું ઉમરાવ શાનો જાય. ખેર તે ઠીક પણ વળતી કાંઈ નામ ઠેરાવ્યું ?

વિદુ૦—પછી મને નનામો કહી બોલાવતાં હતાં માટે મારી માનું ઠેરાવેલ નામ તો એજછે.

સુત્ર૦—વળી કાંઈ બીજું છે કે શું ?

વિદુ૦—શું ત્યારે એકજ હશે !

સુત્ર૦—કહો ત્યારે બીજું શું છે ?

વિદુ૦—સાંભળ ત્યારે.

સુત્ર૦—કહે ભાઈ સાંભળુંછું.

વિદુ૦—જ્યારે હું દશ વરસનો થયો ત્યારે મને લોકોની મશ્કરી કરવાનો બહુજ હેવા હતો બાદ મારી ફુઇએ વિદુશક એવું નામ ઠેરાવ્યું. બસ કે વળી ત્રીજું કહું ?

સુત્ર૦—અહોહોહો તારૂં નામ વિદુશક હોય તો તો તારી બહુજ ખપછે.

વિદુ૦—શું સુવાનો પરહો કરવો છે ? નાના તે હું મારાં માવિત્રોને એકજ છું.

સુત્ર૦—નારે ભાઈ,ના પરહો કાંઈ કરવો નથી, પણ હાલમાં જે નવું બણેલ ધુત દુઃખદર્શક નામનું નાટક આજ રાત્રીએ આ મુકામે ભજવી બતાવવા ઉમેદ છે; માટે પૂરતી મદદ આપવા અહીં ટકી જાઓ તો બહુ સારી વાત છે.

વિદુ૦—સૂરતી મગજ આપવા, હું અહીં ટકી જાઊં! રાંમ રાંમ કર. હું ગરીબ માણસને,રોટલો પણ નથી મળતો તો વળી મગજ (મગદળ) તે ક્યાંથી લાવું?

સુત્ર૦—ના, મેહેરબાન ના, મગજ ન સમજો.

વિદુ૦—ત્યારે વળી શું!

સુત્ર૦—હુંતો એમ કહુંછું કે આ નાટક મધ્યે હાસ્યરસની મદદ આપવા રહો તો હું આપનો બહુજ આભાર માનીશ.

વિદુ૦—ઓલ્યું લાવેતો.

સુત્ર૦—શું!

વિદુ૦—અફીણ.

સુત્ર૦—કસુંબો પીશો કે કોરૂ લેશો!

વિદુ૦—કોરૂં (ચપણું) તું લે અમેતો કસુંબો પિનાર છેયે શું કાંઈ બીમારી છેયે તે કોરૂં લેશું ? (સુત્રધાર કસુંબો કહાડી આપેછે, વિદુષક કસુંબો હાથમાં લઇને,

હે સુત્રધાર હું તારાપર અત્યંત કુઠામાંન થઈ એમ કહુંછું

કે મારાથી બણતી મેહેનતથી આ નાટક મધ્ય હું એવી મદદ આપી શકે જેટલાં માણસસે દેખવા આવ્યાં હશે તેઓ સર્વેનાં માથાં જાજમમાંજ પેસાડી દઈશ. (હકોટા તથા દોહરા તથા કવિત આદીક બોલીને કસુંબો પી જાયછે.)

(આ નાટકમાંહિ વિદુશકને ભજાવવા માટે ઇચ્છા આવે ત્યાં બોલવું.)
પડદો પડેછે સર્વ જાયછે.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ભદ્રિકનો મેહેલ.

ભદ્રિક, કુબોધ.

ભદ્રિક—(કુબોધને આવતા જોઇને) આઇયે પ્રીય સ્નેહી શું આજ આપનું આવવું ઘણી દેરે થયું?

કુબોધ—અરે સાહેબ શું કાંઈ કહ્યાનીજ વાત નથી ને.

ભદ્રિક—કેમ શું છે?

કુબોધ—હું ઘેરથી વાળુ કરી અંહાંજ આવતો હતો તેટલામાં પદ્મંગી નામે એક ગુણિકાના ગ્રહના અંદર જુગારીજનો જુગાર ખેલતા હતા તેવામાં બોલાવતાં, મને તેની પાસ જાતાં રમવાનું દિલ થઈ ગયું અને સુનામહોર પણ તેવામાં મારી પાસ એકજ હતી તે મેહેલવાથી એકની બે અને બેની ચાર અને ચારની આઠ પછી તો એકદમ વધીજ પડી. અહોહોહો શું હું તે ખેલના વખાંણ કરૂં (ખીસા દેખાડીને) અને જુવો આ બંને ખીસાં મ્હોડા સુધી મ્હોરોથી ભરેલાં.

ભદ્રિક—હેં!!! તુંને વળી જુગાર, આ વાત શી?

કુબોધ—એમ કેમ?

ભદ્રિક—અરે તેતો નઠારાજનોનું કૃત્યછે તે તું ડાહ્યા માણસને યોગ્યછે?

કુબોધ—અરે માહારાજ આપ સમજુ થઈ તેવો શો ઉચ્ચાર કરોછો અને પે. અકલી માણસોની શીક્ષા ગ્રહણ કરોછો જે માણસ

જુગારની અપકીર્તિ કરતા હશે તેતો ઈશ્વરના ગુન્હામાં બહુજ આવી ગયા છે અને ઇશ્વર તેને અત્યંત કષ્ટ સહાવવા કદાપી ચુકવાનો નથી.

ભદ્રિક—અરે મીત્ર, તેં આજ કોઈ પ્રકારનો નિશો કર્યો છે? કે જેથી આ તારી એકદમ બુદ્ધિ બદલાઈ ગઇછે! અને શાસ્ત્રમાં પણ તપાસ કે શું કહ્યું છે.

[इंद्रवज्रावृत] श्लोक. [नितिशास्त्रे]

घुसंचमासंचसुराचवेस्या । पापार्धिचोरीपरदारशेवा ॥
एतानिसप्तःव्यसनानिलोके । घोरातिघोरमूनरकेपतंनृती १

અર્થ—જુગારનો ખેલનાર, માંસનું શેવન કરનાર, મદ્યપાની, ગુણકાને આવાસ જાનાર, હિંસિક, તસ્કર અને પરદારાસંગી, એ સપ્ત વ્યસનનું સેવન કરનાર નિઃસંશય નર્ક મહિં જાવું ચુકે નહી તે વિચારી ત્યાગ કરવું તે આપ સુજ્ઞ માટે યોગ્ય છે.

કુબોધ—અરે નાથ તે શ્લોક રચનારની ક્યાં ગતી થાશે, ? અરે માહારાજ તેતો શ્લોક કોક નર્કવાસી પુરૂપનો કૃત્ય છે અને ધર્માત્મા પુરૂપનો તો શુભ ગતીકારકજ શ્લોક હોય. જુઓને નીતી શું કહે છે.

[अनुष्टुपवृत] श्लोक. [कल्पित]

नरःरामादिनमूजस्या द्युतक्रीडानक्रीडतम् ॥
तस्यमात्मामृत्युपश्चात् । घोरनर्कप्रवेसितम् ॥२॥

અર્થ—દંપત્યાદીક જે જુગાર ક્રીડતા નથી તેનો પ્રાણી અઘોર નર્કમાં જાયછે; માટે હે સત્યગુણ ગ્રાહક તે અસત્ય શિક્ષાનો ત્યાગ કરી સુસિક્ષાનું ગ્રહણ કરો કે જેથી દ્યુતદેવ અવિલંબે ઈશ્વર ભેટાડે.

ભદ્રિક—અહોહોહો તેમ જે જુગારી ક્રીડતા નથી તે નર્કમાં જાયછે?

કુબોધ—હા સાહેબ આપના સમ.

ભદ્રિક—અરેરે ત્યારે મ્હારી ક્યાં ગતી થાશે ?

કુબોધ—વળી અઘોર નર્કમાં એમાં શું પુછવું હતું.

ભદ્રિક—બાળ અવસ્થામાંહિ કોઈ વખ્તે પઇશે રમ્યો હઈશ તે ગણ-
તીમાં આવે કે ? કેમ ?

કુબોધ—પઇશે રમવું તેતો બાળકોનો ખેલ છે બે ચાર અને પાંચ
સહેસ્ત્ર વિના શું રાજ્ય લોકોનું રમવું છે ।

ભદ્રિક—ત્યારે એક વખ્ત તે મંડળીને ઈહાં બોલાવો કે તે ખેલ્યા
બાદ અઘોર નર્કનું કષ્ટ તો નજ સહન કરવું પડે.

કુબોધ—અરરર તે શું બોલ્યા, ઇહાં તે કૃત્ય કરવાથી પાપી લોકો
અપવાદ કર્યાં સિવાય રહેવાના છે?

ભદ્રિક—હા ભાઈ તે પણ સત્ય છે ત્યારે કેમ કરીશું ?

કુબોધ—વળી પત્નંગી વારિંગનાને ત્યાં જઇએ ?

ભદ્રિક— ગુણિકાને ત્યાં તો હું ન આવું.

કુબોધ—એમ ક્યમ ?

ભદ્રિક—ગુણિકાને ત્યાં જાવાની શાસ્ત્રોમાં ના કહીછે માટે નિશ્ચે
હુંતો નહીજ આવું.

કુબોધ—માહારાજ તમોને મેં એક વખ્ત કહ્યું કે તે શ્લોકતો સર્વે મીથ્યા-
જ છે અને નીતીશાસ્ત્ર તપાસો કે શું કહ્યુંછે.

[इंद्रवज्रावृत] श्लोक [कल्पितनित्ती]

देसाटणंपंडितामित्रताचः वारिंगनाराजसभाप्रवेशः
अनेकसास्त्राणिविलोकयतानि चातुर्यमूळानिभवंतिपंचः ३

અર્થ—દેશને વિષે ફરવું, પંડીતની મીત્રાઈ કરવી, ગુણિકાને
સ્થાનકે જાવું, રાજની સભામાં જાવું અને બહુ શાસ્ત્રોનું અવિલોકન
કરવું એ પંચલક્ષણ ચાતુર્યતાને માટેજ રહેલ છે.

ભદ્રિક—અરે મીત્ર તુંતો જ્યાં ત્યાં નીતીનીજ સાક્ષી દેછે માટે
મારાથી તેનું અપમાન નહી થાય, ચાલ આવું.

કુબોધ૦—ચાલો (બને જણ ઉઠીને પત્નંગીને ત્યાં જાયછે.)

(પડદો પડેછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—પદ્માંગીનું મુકામ.

મુર્ખમણી, પદ્માંગી, અકલંધ. પછી ભદ્રિક, કુબોધ.

મુર્ખ૦—(ભદ્રિક સાંમુ જોઇને) અહોહોહો એ રાજ્યકુંવર ભદ્રિક જે કોણ આવેછે ?

અકલં૦—અરે એતો એજ છે. અને હમણાંજ મ્હોરોનાં ખીસાં ભરી ગયેલ કુબોધભાઈ પણ સાથેજ છે—(બને જણ આવેછે.)

મુર્ખ૦—આહવે મેહેરબાન પધારો પધારો (બેસેછે.)

પદ્માં૦—આજ બહુ ઉમેદ સાથ મારૂં ગ્રહ પવિત્ર કરવા શું આપનું આવવું.

ભદ્રિ૦—વાહ-આપને ત્યાં આવવું એમાં કાંઈ આશ્ચર્યની વાત હતી!

મુર્ખ૦—(ભદ્રિક પ્રત) કેમ સાહેબ કાંઈ રમવા દિલ કહેછે?

કુબો૦—રમવા આવ્યા હશે તે કેમ નહિ રમે !

મુર્ખ૦—ખુશીથી ખેલે ના કોણ કહેછે—(ભદ્રિક પ્રત) કેમ મેહેરબાન ગંજીફે રમશો યા લકીભડ ?

ભદ્રિ૦—ચોપટ સિવાય એક પણ ખેલમાં મને બિલકુલ માલમ નહી પડે માટે તે હોય તો બહુ સારી વાત છે.

મુર્ખ૦—અરે સાહેબ એ શું બોલ્યા ગંજીફો, સિત્રંજ લકીભડ, નવસરી ઇત્યાદિક બહુજ રમતો આ મંડળીને સ્વાધિન છે તો બીચારી ચોપટનો શો ભાર છે. (પદ્માંગી ગ્રહ અંદરથી ચોપટ લાવી મંડળી વચે નાખેછે) કેમ સાહેબ, કોની સાથે ખેલશો ?

ભદ્રિ૦—આપનીજ સાથે-(મુર્ખમણી ચોપટ બીછાવેછે અને રમત શરૂ કરેછે)

(ચાર હજાર સુનામોહોરોની હોડ બાંધેછે બાદ મુરખમણી હારેછે અને ભદ્રિક મ્હોરો ૪૦૦૦ મુરખમણી પાસેથી લેછે વળતી પદ્માંગી વાજાં લઈ આવણું કરેછે.)

પદ્માંગી.— **मतगयंद छंद.**

[सिंहाविलोकन, एकावळिलंकार]

जो जन जग्त बिसें धर ज्हान सु,

की जग मेंहि जुगारकि खोजन;
खोजन सो सुख म्हु मृगराजके,
आवहि नांहि न पावहि भोजन.
भोजन सीख सुनो हमरी सुभ,
जाँठ नही कथही मुख मोजन;
मोज नही वसुधा बिनुं उतसें,
लोचन खोलि लिखो सत जोजन. १

(चार हजार सुनामहोरो भद्रीक पदमजोने आपीदेछे.)

ભદ્રિક—(કુબોધ પ્રતે) કેમ આછી ગુમત ઉડી ખરૂં !

કુબોધ—હા માહારાજ તે ગુમતમાં શું કહેવું હતું, એર મ્હોરો ગઇતો; પરંતુ 'લીધો લાવ અને ખાધાં ખાસડાં' કાંઈ ફરી ફરીને આવવાનાં છે ? ઇશ્વરની ગહન ગતીછે, કાલ ઉડીને મરી જવુંછે.

ભદ્રિક—હા તો ખરૂંછે. કેમ હવે ઉઠીશું ?

કુબોધ—હા ઉઠો. (બને ઉઠેછે પડદો પડેછે સર્વ જાયછે)

પ્રવેશ ૩ જો.

સ્થળ—રાજા ચંદની કચેરી.

ચંદ, સુબુધી, જોરૂમીયાં, જયશંકર.

ચંદ—પ્રધાન !

સુબુ૦—કેમ સાહેબ શો હુકમ કહોછો ?

ચંદ—ભદ્રિકને કેટલાં વરસ થયાં હશે ?

સુબુ૦—કાલ દીવસમાં પંદર વરસ સંપુર્ણ થઈ અને સોળમું પ્રવેશ થયું

ચંદ—અહોહોહો !!! સોળ વરસ થઈ ગયાં !

સુબુ૦—અરે સાહેબ એમાં શું આશ્ચર્ય ધારોછો ! જુઓને થોડાંક વરસ પેહેલાં આપણી પણ કેવી જુવાંન વય હતી અને આજ પ્રયાસથી પણ જાદે થઈ ગયાં.

ચંદ—વિદ્યામાંહિ તો સંપુર્ણ કુશળછે અરૂં ?

સુબુ૦—હમણાંજ આપણે શાસ્ત્રીજીએ ભદ્રિકની અને કુબોધની વિદ્યા વિષે પરિક્ષા લીધી હતી એમાંતો બહુ સરસ માલમ પડેછે. (થોડીકવાર પછી ભદ્રિક જુગાર રમેછે એવું જાણી જુગારનું નિવારણ કરાવવા સગાઈ ગોતે છે.)

ચંદ—અને ભદ્રીકની સગાઈ બાબત કમળપુરથી સંદેસો આવ્યો હતો તેનો જવાબ કેમ લખ્યો હતો ?

સુબુ૦—તેતો ઠેકાણું મને કાંઈ સરસ નથી લાગતું, પછી તો જેમ આપની મરજી.

ચંદ—ના,ના, તેતો નહિ; પરંતુ ક્યાંકથી કોક સરસ મુકામ શોધી કહાડો.

સુબુ૦—શ્રીપુરનો પતી અરીમર્દન, તેની પુત્રી શ્રીનેત્રાની પ્રસંસા સાંભળતાં તો ભદ્રિક યોગ્ય છે; પરંતુ આપની ખુશી હોય તો પત્ર લખિયે ? (એટલામાં શ્રીપુરથી પત્ર લઈ જયશંકર બ્રાંહ્મણ આવેલ તે રાજા ચંદપાસ આવવા જોરૂમીયાં પાસે રજા મંગાવે છે.)

જોરૂ૦—સાબ કોઈ બમ્મન પરદેશસે આયાહે સો યું કેહેતાહે કે મેરે રાજા ચંદકે પાસ આણાહે સો ક્યા હુકમહે ?

ચંદ—ક્યાં છે ?

જોરૂ૦—સાબ એ બાહાર ખડા.

ચંદ—આવવાદ્યો.

જોરૂ—(બ્રાંહ્મણને) આઓ માહારાજ આઓ (જયશંકર આવેછે.)

ચંદ—માહારાજ ક્યાં રેહેવું (સલામ કરી બેસેછે)

જયશં૦—માહારાજ શ્રીપુર રેહેવું અને અરીમર્દન માહારાજે આપ ઉપર કાગળ લખી આપેલ તે પોહોચાડવા આવેલ છું તે (કાગળ ખડીયામાંહિથી કહાડીને) લ્યો (એમ કહી આપેછે.)

ચંદ—(ચંદ પત્રનું સરનામું વાંચેછે) મુકાંમ વિમળપુર માંહારાજ ધીરાજ પરમ પવીત્ર શ્રીચંદ (પત્ર ફોડી વાંચેછે.)

સ્વસ્તશ્રી વિમળપુર સ્થળે સુશોભીત ધીમંત પુરશોતમ રાજ્ય શ્રીચંદ પુત્ર શ્રી ભદ્રિક.

આપની તરફ લિપી પ્રયોજન કે અત્રે ઇષ્ટકિપાવડે ખુશી છે, આપની કુશળના પત્ર લખશો.

બાદ લખવા મતલબ કે આપના પુત્ર ભદ્રિક સાથ માહરી પુત્રી અિનેત્રાનું સગપણ કરવા સ્યું ચિંતવન તેનો જવાબ વળતા પત્રમાંહિ જણાવશો.

મીતી સુદ ૯.

લીખીતંગ અરીમર્દનાજ્ઞાથી ધીમંતના ઘટારત કબુલ કરશો.

સુબુધી૦—કેમ હવે શો વિચાર છે?

ચંદ૦—કાગળ માંહિ લખો કે કોક એમની તરફથી આવી અને સગાઈ કરી જાય. (સુબુધી કાગળ લખી આપેછે અને ભદ્રિકની છબી પણ આપે છે. જયશંકર જાયછે) (સર્વ જાયછે પડદો પડેછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—અરીમર્દનની કચેરી.

અરીમર્દન, ધીમંત, જયશંકર. પછી સરસ્વતી.

ધીમંત૦—(જયશંકરને આવતા જોઈને) આઇયે માહારાજ બહુ દૂર પંથ કરી આવ્યા હો.

જયશંકર—હા માહારાજ શું કરીયે. (કાગળ જયશંકર આપેછે અને ધીમંત વાંચેછે)

મુ. શ્રીપુર.

મહારાજ્ય વિવેકસાગર ગુણરત્નાગર ચૌદવિદ્યાગુણજાણ બ્હોતેર કળા પ્રવીણ ઇત્યાદ અનેક ઓપમાલાયક રાજ્યશ્રી અરીમર્દન તરફ.

વિમળપુરથી લીખીતંગ મ્હારાજ શ્રીચંદ.

લિખવા મતલબ કે સુદ ૯ નો લખેલ આપનો પત્ર અમારી તરફ આવ્યાથી વીગત વાર્તા જાણી છે.

પુનઃકારણ કે એ પત્ર માંહિ જે બાબત વિષે લખેલ તે આપની તરફથી કોઈ માણસ આવ્યાથી કારણ પાર થશે મીતી વદ ૮ લિખીતંગ ચંદ આજ્ઞાથી સુબુધીના યથાયોગ્ય કબુલ કરશો.

અરીમર્દન૦—બાઇને ઠેકાણું તો બહુ સરસ મળ્યું હો.

જય૦—હા સાહેબ, આપજોગ ઠેકાંણાની શી વાત છે.

અરી૦—કેમ પ્રધાન ? ભદ્રિક સંભળાય છે તો બહુ ચાતુર્ય ખરૂં?

ધીમં૦—હા સાહેબ, તે રાજકુમાર બત્રીસલક્ષણો છે, તેની પ્રસંશામાં સાંભળતાં તો તે યોગ્ય જેવજ્ઞાજ હશે.

અરી૦—તેં અથવા મેં બંનેમાંથી કોઇએ તેને ભાળેલ નથી માટે કોણ જાણે કેવોએ હશે.

ધીમં૦—જયશંકરે તો ભાળેલજ હશે.

જય૦—હા સાહેબ મેં ભલી રીત ધારી ધારીને જોયેલ છે; પરંતુ તેવો અદ્યાપીલગી સદ્ગુણી પુરૂપ મારા વિલોકયામાં તો આવ્યો નથી.

અરી૦—હેં !!! તેવો છે?

જય૦—હા સાહેબ-કહો તો તેની છબી મને નીકળતી વખતે કાગળ સાથ આપેલી તે દઉં ?

અરી૦—ક્યાં છે ? (જયશંકર છબી દેછે અરીમરદન જુએછે)

અહોહોહો !!! બહુ રૂપવંત છે હો ? પરંતુ.

(नित्तीशास्त्र) **श्लोक** (वसंततिलका वृत)

रूपेनकिंगुणपराक्रमवर्जितेनं ।
अर्थेनाकिंकृपणहस्तमुपागतेनं ॥
ज्ञानेनाकिंवहुसटान्बतमत्शरेणं ।
मित्रेनकिंविपतकाळपरानमुखेणं ॥४॥

અર્થ—ગુણ વિના રૂપ શા કામનું ? લોભીને હાથ ધન પણ શા કામનું ? ઘણા મુર્ખપણામાં પલળી ગયેલને વિદ્યા પણ શા કામની અને મીત્ર વિપતી માંહિ અર્થ ન આવે તો તે પણ શા કામનો ? માટે આવું રૂપ છતાં ગુણ ન હોય તો તે રૂપ કાંઈ પણ અર્થનું નથી.

જય૦—ના સાહેબ ના, આપેતો દેખેલ નથી; પરંતુ સદ્ગુણતો એના માંહિજ અટકયા છે.

અરી૦—રૂપ એવા ગુણ હોયતો પછી આપણે બીજું શું જોઇયે છે.

જય૦—હા તો, તેમજ સમજો (અરીમરદન છબી આપેછે ધીમંત લેછે) કેમ પ્રધાન? ત્યારે તું વિમળપુર જા અને સગાઈ થાય માસ યા બે માસ માંહી લગ્નનું મુહુર્ત દેખાડી લાવ.